**વેકેશન દરમિયાન કામગીરી માટે રોકવામાં આવતા શૈક્ષણિક કર્મચારીઓને મળવાપાત્ર રજા (ઈ. એલ.) અંગે**

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ક્રમાંક : મશબ/ગ-1/ટે. 6/15873-507,
સેકટર 10 બી, જૂના સચિવાલય પાસે, ગાંધીનગર, તા. 1-5-2002

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
ગુજરાત રાજય

**ઠરાવ :** વેકેશન દરમિયાન કામગીરી માટે રોકવામાં આવતા શૈક્ષણિક કર્મચારીઓને મળવાપાત્ર રજા (ઈ. એલ.) બાબતે.

***સંદર્ભ :** માધ્યમિક શિક્ષણ સંઘની તા. 30-4-2002ની રજૂઆત અન્વયે.*

ઉપરોક્ત વિષય સંબંધમાં જણાવવાનું કે, વેકેશન ભોગવતા શૈક્ષણિક કર્મચારીઓને વેકેશન દરમિયાન સરકાર કે બોર્ડની કામગીરી માટે રોકવામાં આવે ત્યારે પ્રાપ્તરજાઓ અંગેની જોગવાઈઓ અન્વયે નીચે દર્શાવ્યા મુજબ ગણતરી કરીને મળવાપાત્ર પ્રાપ્તરજા મંજૂર કરવાની રહેશે. આ પ્રકારની પ્રાપ્તરજા ઓછામાં ઓછી એક વર્ષની નોકરી પૂર્ણ કરનાર કર્મચારીને જ મળવાપાત્ર થશે.

વેકેશનમાં સરકારી/બોર્ડની કામગીરી માટે રોકવામાં આવેલ શિક્ષકોને તેમણે વેકેશન દરમિયાન ખરેખર બજાવેલ ફરજના દિવસોની સંખ્યાના એક તૃતીયાંશ (1/3) જેટલા દિવસો પ્રાપ્ત રજા (ઈ.એલ.) તરીકે મળવાપાત્ર થશે.

ઉપરોકત જોગવાઈ અન્વયે કર્મચારીને પૂર્ણ દિવસની પ્રાપ્ત રજા (ઈ.એલ.) મંજૂર કરવાની રહેશે. .50 કે તેથી વધુ સંપૂર્ણ દિવસ માટે એક દિવસ પૂર્ણ ગણવાનો રહેશે. જયારે .50 થી ઓછા દિવસની ગણતરી કરવાની રહેશે નહિ.

આ અંગેની જાણ આપના તાબા હેઠળની માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓને પણ કરવા જણાવવામાં આવે છે.

સહી, ડૉ. જી. કે પટેલ
ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, સચિવ, ગાંધીનગર